ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૨૨.૧૨.૨૦૧૮

----------------

## "મેરા બૂથ સબ સે મજબૂત" માટે સંકલ્પબધ્ધ થવા મહિલાઓને હાકલ કરતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

----------------

## દેશવાસીઓના સ્વપ્ન આપણા સ્વપ્ન છે અને તેમને પૂર્ણ કરવા તે આપણી જવાબદારી છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી

----------------

## પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધી ભાજપા માટે જનજનના વિશ્વાસને સંપાદન કરવામાં નારીશક્તિનો ફાળો સૌથી મહત્વનો રહ્યો છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી

----------------

આજરોજ રાષ્ટ્રીય મહિલા અધિવેશનમાં ખુલ્લા અધિવેશનમાં દેશના ૭૦૦ થી વધુ જીલ્લાઓમાંથી ઉપસ્થિત રહેલ હજારો મહિલા કાર્યકરોને દેશના લાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રેરક માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. રાજમાતા વિજ્યારાજે સિંધિયાની જન્મ શતાબ્દી વર્ષના પ્રારંભમાં યોજાયેલા આ મહિલા અધિવેશનની અભૂતપૂર્વ સફળતા બદલ પ્રધાનમંત્રીશ્રીએ પ્રત્યેક મહિલા કાર્યકરને હદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. **"પાંચ સાલ પચાસ નિર્ણય"** ની પુસ્તિકા દ્વારા છેલ્લા સાડા ચાર વર્ષમાં કેન્દ્રની ભાજપા સરકારે મહિલાઓની ઉન્નતિ માટે કરેલા કાર્યો અંગેની પુસ્તિકા માટે પ્રધાનમંત્રીશ્રીએ અભિનંદન પાઠવવાની સાથે દેશની ભાજપા શાસિત અન્ય રાજ્યોની સરકારો તથા જીલ્લા અને નગરપાલિકાઓમાં મહિલાઓના કલ્યાણ માટે કરેલા વિકાસલક્ષી કાર્યો પણ જનજન સુધી પહોચાડવાની તેમણે શીખ આપી હતી. સરદાર વલ્લભભાઇ પટેલે આજથી ૯૦ વર્ષ પહેલા અમદાવાદ મ્યુનિસીપાલીટીમાં મહિલા આરક્ષણની વાત કરી હતી તે બાબતની તેમણે સૌને યાદ અપાવી હતી.

સરકારની મોટા ભાગની ફ્લેગશીપ યોજનાઓના કેન્દ્રબિંદુમાં મહિલાઓ રહી છે. છેલ્લા ૬ થી ૭ દાયકાઓમાં દેશની જનતાએ તમામ વિકલ્પો અજમાવ્યા પછી ભાજપાને જે જવાબદારી સોંપી હતી તેને નિભાવવામાં આપણે સફળ રહ્યા છીએ એમ પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ.

પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ૯૦ લાખ મહિલાઓ ઘરની માલિક બની છે, મુદ્રા યોજનામાં ૭૦ ટકાથી વધુ લાભાર્થીઓ મહિલાઓ છે, જનધન યોજનામાં ૩૪ કરોડ બેંક ખાતામાંથી ૧૮ કરોડ બેંકખાતા મહિલાઓના ખુલ્યા છે. સુકન્યા સમૃધ્ધિ યોજના દ્વારા ૧.૫૦ કરોડ મહિલાઓના ખાતામાં ૩૦ હજાર કરોડ રૂપિયા જમા થઇ ચૂક્યા છે. મુદ્રા યોજનાના ૧૫ કરોડ લાભાર્થીઓમાં ૧૧ કરોડ મહિલા લાભાર્થી છે. મેટરનીટી લીવ ૧૨ સપ્તાહથી વધારીને ૨૬ સપ્તાહ સુધી કરવામાં આવી છે. આજે દેશના ૨૨ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં પોલીસમાં ૩૩ ટકા મહિલા આરક્ષણ કાર્યરત છે. યુપીએના શાસનમાં વર્ષ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



૨૦૧૧માં શરૂ થયેલ નેશનલ રૂરલ લાઈવલી હુડ મીશનમાં છેલ્લા ૨ વર્ષમાં ભાજપાના શાસનમાં લગભગ ૭૫ ટકા એટલે કે, ૫૨ હજાર કરોડ રૂપિયાની નાણાકીય સહાય પૂરી પડાઇ છે. માતૃવંદના યોજના દ્વારા પ્રસુતામાતાને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે ૬ હજાર રૂપિયા સુધીની નાણાકીય સહાય કેન્દ્રની ભાજપા સરકારે સુનિશ્ચિત કરેલ છે. જેનાથી અત્યાર સુધીમાં ૫૦ લાખ મહિલાઓ લાભાન્વિત બની છે. પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ યોજના દ્વારા ૧.૫૦ કરોડ પ્રસુતામાતાઓની તપાસ તથા તેમાંથી ૭.૫૦ લાખ ગંભીર પ્રસુતિના કેસો શોધી કાઢવાનું શક્ય બન્યુ છે. પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજના દ્વારા ગરીબમાં ગરીબ મહિલાની સારવાર હવે શક્ય બની છે. સ્વચ્છ ભારત અભિયાન દ્વારા દેશમાં ૯૭ ટકા ઘરો સુધી સ્વચ્છતાનો સંદેશો પહોચી ચૂક્યો છે. આજે ૬ કરોડ મહિલાઓ ઉજ્જવલા યોજનાની લાભર્થી બનીને ચૂલાના ધુમાડાના વાતાવરણથી મુક્ત બની છે. આપણું લક્ષ્યાંક દેશના તમામ ઘર સુધી ગેસ સીલીન્ડર પહોચાડીને સ્વચ્છ વાતાવરણ કરવાનું નિર્માણ કરવાનું છે. જીએસટીના અમલીકરણ પછી મોંઘવારી પર લગામ લગાવવાનું સાર્થક થયુ છે. વિજળીના દર હોય કે મોબાઇલના બીલ હોય કે દવાઓ હોય કે દરમહિને ભરવી પડતી બેંકની લોનના હપ્તા હોય તે તમામ દરોમાં ભૂતકાળની સરખામણીએ ઘટાડો થયો છે. ત્રિપલ તલાકના કાયદા દ્વારા મુસ્લીમ મહિલાઓને સન્માન બક્ષવાનો ભાજપા સરકારનો સંકલ્પ છે. દેશની અતિમહત્વની સુરક્ષા સમિતિમાં પણ બે મહિલા કેબીનેટમંત્રીઓ છે, તથા ભાજપાના શાસન દરમ્યાન એરફોર્સમાં પહેલી મહિલા ફાઇટર તથા નેવીમાં લેડી ઓફિસર વીંગ સામેલ થયા છે તેમ પણ પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ. બળાત્કારના કેસોમાં ફાંસીથી લઇને ૨૦ વર્ષ સુધી જેલની સજાની જોગવાઇ ભાજપાના શાસનમાં અમલમાં આવી છે તથા એન્ટી ટ્રાફિકીંગ એક્ટ પણ ભાજપા સરકારે અમલી બનાવ્યો છે. મધ્યપ્રદેશમાં ભાજપાના શિવરાજસિંહ ચૌહાણના શાસન દરમ્યાન ૧૮ જેટલી વ્યક્તિઓને બળાત્કારના કેસોમાં માત્ર બેથી ત્રણ મહિનામાં ફાંસીની સજા જાહેર થઇ છે તે બાબતની પણ પ્રધાનમંત્રીશ્રીએ સૌને યાદ અપાવી હતી.

ઉપરોક્ત તમામ બાબતો પ્રત્યે ઉપસ્થિત નારીશક્તિનું ધ્યાન દોરીને પ્રધાનમંત્રીશ્રીએ આ બધી જ બાબતોને દેશની પ્રત્યેક માતાઓ-બહેનો, વયસ્ક વર્ગ સુધી પહોચાડવા માટે હાકલ કરી હતી. ૨૧મી સદીમાં જન્મેલ તરૂણ વયની દીકરીઓને વિશેષરૂપે યાદ કરીને પ્રધાનમંત્રીશ્રીએ આ વખતની લોકસભાની ચૂંટણીઓમાં તેઓ પ્રથમવાર મતદાર બનવા જઇ રહી છે ત્યારે આ આશાસ્પદ યુવાવર્ગ સાથે જોડાવવા માટે સૌ મહિલા કાર્યકરોને શીખ આપી હતી. **“મેરા બૂથ સબ સે મજબૂત”** એ ભાવ સાથે સંકલ્પબધ્ધ થઇને પોતાના બુથના પ્રત્યેક પરિવારના સુખ, દુઃખ અને સમસ્યાઓથી વાકેફ રહીને તેમાં સહભાગી થવા સૌ મહિલા કાર્યકરોને સૂચન કર્યું હતું. દેશવાસીઓના સ્વપ્ન આપણા સ્વપ્ન છે અને તેને પૂર્ણ કરવા એ આપણી પવિત્ર જવાબદારી છે તેમ જણાવી પ્રધાનમંત્રીશ્રીએ બૂથના પ્રત્યેક પરિવારને ભાજપા સરકારના મહિલા તથા બાળકલ્યાણ લક્ષી અભિગમથી સૌને વાકેફ કરવા હાકલ કરી હતી. દેશની પ્રત્યેક નારીના સન્માન, સુરક્ષા અને સશક્તિકરણ દ્વારા તેની ઉત્તરોત્તર પ્રગતિ માટે ભાજપાનો પ્રત્યેક કાર્યકર સમર્પિત છે અને તે વિશ્વમાં દ્રષ્ટાંતરૂપ છે તેમ પ્રધાનમંત્રીશ્રીએ ગૌરવભેર જણાવ્યુ હતુ.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૨૨.૧૨.૨૦૧૮

---------------

**પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં પુનઃ ભાજપા સરકાર સ્થાપિત કરવા સંકલ્પબધ્ધ થઇએ - શ્રી વિજયભાઇ રૂપાણી**

---------------

**નયા ભારત બનાયેંગે, સબ કે સપનો કો સાકાર કર કે દીખાયેંગે**
**કહો દિલ સે, મોદીજી ફિર સે - શ્રી વિજ્યા રાહટકરજી**

---------------

આજરોજ રાષ્ટ્રીય મહિલા અધિવેશનના સમાપન સત્રમાં સંભાષણ કરતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતની જનતા વતી દેશભરમાંથી આવેલ હજારો મહિલા કાર્યકરોનું હદયપૂર્વક સ્વાગત કર્યુ હતુ. સને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીઓ એક ઐતિહાસિક અવસર બની રહેવાની છે. ગરીબી, બેકારી તથા ભ્રષ્ટાચાર જેવા કોંગ્રેસના કુશાસનની દેન સમા અભિશાપમાંથી મુક્ત થવા ગત પાંચ વર્ષમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં દેશની તમામ ક્ષેત્રોમાં જે તીવ્ર ગતિએ પ્રગતિ થઇ રહી છે તે ગતિ બરકરાર રાખવા તથા નવી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે દેશની લગામ પુનઃ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના હાથમાં આપવી જરૂરી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ.

અહીં ઉપસ્થિત દેશની માતૃશક્તિ એક વખત સંકલ્પ કરી લે તો કોઇ તેને રોકી શકવાનું નથી, તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં પુનઃ ભાજપા સરકાર રચવા સંકલ્પબધ્ધ થવા સૌને હાકલ કરી હતી.

આ પ્રસંગે પ્રેરણાદાયી ઉદ્દબોધન કરતાં રાષ્ટ્રીય મહિલા મોરચાના અધ્યક્ષા શ્રીમતી વિજ્યા રાહટકરજીએ ૭૦૦ થી વધુ જીલ્લાઓમાંથી પધારેલ મહિલા કાર્યકર બહેનોનું ગૌરવગાન કર્યુ હતું. રાષ્ટ્રીય પ્રમુખશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં મહિલા મોરચો પણ પ્રેરક માર્ગદર્શન મેળવીને પોતાનું યોગદાન આપી રહ્યુ છે તેમ શ્રીમતી વિજ્યાજીએ જણાવ્યુ હતુ. “પાંચ સાલ પચાસ નિર્ણય”ની પુસ્તિકા દ્વારા કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા મહિલાઓના કલ્યાણલક્ષી જે નક્કર યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે તેને ઘર-ઘર સુધી પહોચાડવા માટે તમામ મહિલા કાર્યકરો સંકલ્પબધ્ધ છે, તેમ તેમણે જણાવ્યું હતું.

**“નયા ભારત બનાયેંગે, સબ કે સપનો કો સાકાર કર કે દીખાયેંગે, કહો દિલ સે મોદીજી ફિર સે”** એ સૂત્રને બુલંદ અવાજે સભાગારમાં ગુંજતુ કરીને શ્રી વિજ્યાજીએ સમગ્ર વાતાવરણમાં એક અનેરા ઉત્સાહ અને જોમનો સંચાર કર્યો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, આવતીકાલે દેશના વિવિધ પ્રાંતોમાંથી આવેલ મહિલા કાર્યકરોમાંથી ૪૦૦૦ જેટલી મહિલાઓ દેશના ગૌરવસમી સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી ઉંચી “સ્ટેચ્યુ ઓફ યુનિટિ”ની પ્રતિમાની મુલાકાતે જનાર છે.

આ પ્રસંગે રાષ્ટ્રીય મહાસચિવ શ્રીમતી સરોજ પાંડેજી, કેન્દ્રિય મંત્રી શ્રીમતી કૃષ્ણા રાજ, મહિલા મોરચાના પ્રભારી શ્રીમતી ડી.પૂરંદેશ્વરીજી, શ્રીમતી કિરણ મહેશ્વરીજી, ત્રિપુરાના મંત્રી શ્રીમતી સંતના ચકમાજી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, ગુજરાત રાજ્યના બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી વિભાવરી દવે, સંસદસભ્ય શ્રીમતી દર્શના જરદોશ, શ્રીમતી રંજનાબેન ભટ્ટ, શ્રીમતી ભારતીબેન શીયાળ, મહિલા મોરચાના પ્રભારી શ્રી ભરતસિંહ પરમાર સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સમાપન સત્રનું સફળ સંચાલન પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા ડૉ. જ્યોતિબેન પંડ્યાએ સંભાળ્યુ હતુ.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-03 તા. ૨૨.૧૨.૨૦૧૮

-----------------

## ૨૦13માં મહિલા મોરચાએ સંકલ્પ કર્યો અને કેન્દ્રમાં ભાજપ સરકાર બની - શ્રીમતી સ્મૃતિ ઈરાની

-----------------

## ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપ મહિલા મોરચાએ ફરી એકવાર મોદી સરકાર બનાવવાનો સંકલ્પ કર્યો છે

-----------------

રાષ્ટ્રીય મહિલા અધિવેશનને સંબોધન કરતાં કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦13માં જ્યારે તેઓ રાષ્ટ્રીય મહિલા મોરચાના પ્રમુખ હતા ત્યારે, રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે, આ અધિવેશનમાં મહિલા મોરચા દ્વારા સંકલ્પ લેવામાં આવ્યો હતો કે વર્ષ ૨૦૧૪માં કેન્દ્રમાં ભાજપની સરકાર બનાવીશું. જો મહિલાઓ એકવાર સંકલ્પ લે એટલે કોઈપણ સંજોગોમાં એ પરિપૂર્ણ કરે જ અને આ સંકલ્પનું પરિણામ સૌ કોઈએ જોયું.

આ વખતે ગુજરાતની ધરતી પર રાષ્ટ્રીય મહિલા અધિવેશન યોજાયું છે અને આ અધિવેશન મહિલા મોરચાએ વર્ષ ૨૦૧૯માં કેન્દ્રમાં ફરીથી મોદી સરકાર બનાવવાનો સંકલ્પ કર્યો છે. આમાં બીજી વાત એ છે કે, વર્ષ ૨૦13માં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે માર્ગદર્શન આપવા હાજર રહ્યા હતા અને આજે શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી તરીકે મહિલા મોરચાને માર્ગદર્શન આપવા આવી રહ્યા છે ત્યારે, મહિલા મોરચાની જવાબદારી સવિશેષ વધી જાય છે.

મહિલા મોરચાના સંકલ્પ વિશે વધુ પ્રકાશ પાડતા શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ વધુમાં જણાવ્યું હતું કે, સંકલ્પ કેન્દ્રમાં ભાજપની સરકાર બનાવવાનો નથી પરંતુ મહિલાઓને સશક્ત બનાવવાનો સંકલ્પ છે. મહિલાઓનું ભવિષ્ય સુંદર બનાવવાનો સંકલ્પ છે અને એટલા માટે જ કેન્દ્રમાં મોદી સરકાર જરૂરી છે. ૬0 વર્ષના શાસનમાં મહિલાઓને નબળી પાડવાનું પાપ કોંગ્રેસે કર્યું છે. જ્યારે મોદીજીના સાડા ચાર વર્ષના શાસનમાં મહિલા સશક્તિકરણ નું કામ સાચા અર્થમાં થયું છે. ફક્ત મહિલાઓની પીડા તકલીફ સમજે એટલું જ નહીં પરંતુ આ સમસ્યા દૂર કરવા માટે મોદી સરકાર સંકલ્પબધ્ધ છે. “બેટી બચાવો,બેટી પઢાઓ”ની વાત કરવા વાળી ઘણી બધી સરકારો આવી હતી પરંતુ, આ દિશામાં ફક્ત મોદી સરકારે જ કામ કર્યું. આ અભિયાનની ૧૬0 જિલ્લામાં શરૂઆત કરી અને આ માટે ૧૧૩૨ કરોડ રૂપિયાની ફાળવણી કરી. સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ ૧.૪0 કરોડ પરિવારોને લાભ આપ્યા. રેલ્વે ચાઈલ્ડ લાઈફ થકી ૪૫,000 પરિવારોના ખોવાયેલા બાળકો તેમના પરિવારોને હેમખેમ પહોંચાડ્યા. દસ કરોડ પરિવારો માટે પોષણક્ષમ આહારની વ્યવસ્થા કરી અને આ માટે ૯ હજાર કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું. પગાર સાથે છ મહિનાની મેટરનિટી લીવ આપી.

જે કોંગ્રેસ ૬ અને ૯ ગેસ સિલિન્ડર માટે કકડાવતી હતી ત્યાં મોદી સરકારે ઉજ્વલા યોજના હેઠળ પાંચ કરોડ કરતા વધુ બહેનોને વિનામુલ્યે આપી રસોડા અને ધુમાડા મુક્ત કર્યા અને બહેનો માતાઓને ગંભીર બિમારીમાંથી છૂટકારો અપાયો. જનધન યોજના હેઠળ ૧૪ કરોડ ૭0 લાખ લાભાર્થીઓ પૈકી ૧0 કરોડ થી વધુ લાભાર્થીઓ માત્ર બહેનો જ છે. સ્ટાર્ટ અપ ઈન્ડિયા યોજના હેઠળ મહિલાઓને ૬000 કરોડ રૂપિયા આપવામાં આવ્યા.

કોંગ્રેસના શાસનમાં રેપ કેસના આરોપીઓ બીન્દાસ ફરતા હતા અથવા તો તેઓ પકડાતા જ નહોતા અને પકડાતા તો ઝડપથી છુટી જતા હતા. બળાત્કાર જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપીઓને નહિવત સજાના કારણે આવા નરાધમો બેફામ બન્યા હતા ત્યારે, મોદી સરકારે આ દિશામાં મહિલાઓ પ્રત્યે ભારોભાર સંવેદના દાખવી આવા નરાધમોને કડકમાં કડક સજા થાય તે દિશામાં કામ કર્યું. આજે બળાત્કારીઓને ફાંસી આપવાનો કડકમાં કડક કાયદો એ મોદી સરકારનો હેતુ છે.

મોદી સરકારે મહિલાઓને સશક્ત કરવા માટે ઘણું બધું કર્યું છે. ત્યારે હવે મહિલાઓનો વારો છે અને એટલે જ મોદી સરકાર તો મહિલાઓએ દિશામાં મહિલા મોરચાને કામ કરવા શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ આહ્વાન કર્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

## ભાજપા મહિલા મોરચા રાષ્ટ્રીય અધિવેશન-૨૦૧૮ની સાથે-સાથે...

- સમગ્ર દેશભરમાંથી ૫૦૦૦થી વધુ મહિલા કાર્યકર્તાઓ અધિવેશનમાં ભાગ લેવા આવી પહોંચ્યા.
- વિવિધ પ્રાંતોમાંથી આવેલ બહેનોએ પરંપરાગત વેશભૂષા ધારણ કરીને અધિવેશનના સ્થળે પહોંચ્યા.
- "ભારત માતા કી જય", "વંદે માતરમ્" અને "ચપ્પા- ચપ્પા ભાજપા"ના ધ્વનિનાદ સાથે સમગ્ર વાતાવરણમાં રાષ્ટ્રવાદ છવાયો, સમગ્ર વાતાવરણ કેસરીયો-કેસરીયો થયો.
- કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીજીનો સવારે ૧૧.૦૦ કલાકે ભારત માતા કી જય, વંદે માતરમ્ના ઉદ્‌ઘોષ અને ઢોલ-નગારા, ત્રાંસા સાથે પરાંમ્પરીક નૃત્ય-ગાન સાથે સ્વાગત
- કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાની સાથે સેલ્ફી લેવા મહિલા કાર્યકર્તા અને પ્રતિનિધિઓની ઉત્સુકતા.
- રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીશ્રી રામલાલજી, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાજીએ અધિવેશનના વિવિધ વિભાગોની મુલાકાત લઈને માર્ગદર્શન આપ્યું.
- વિશાળ ભોજન મંડપ અને પાર્કિંગ માટે સુવ્યવસ્થિત વ્યવસ્થાઓ ડ્રોપ પોઈન્ટ અને પીક અપ પોઈન્ટની વ્યવસ્થાઓ
- સ્ટેચ્યુ ઓફ યુનિટીની સરદાર સાહેબની પ્રતિક પ્રતિમા સાથે અધિવેશનમાં સેલ્ફી માટે મહિલા કાર્યકર્તાઓનો ધસારો.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના કટ આઉટ
- ભાજપા મહિલા મોરચા રાષ્ટ્રીય અધિવેશનના લોગો કટ આઉટ સાથે સેલ્ફી લીધી.
- પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી સાથે મહિલા કાર્યકર્તાઓએ સેલ્ફી લીધી.
- રૂગ્ણાલય - ૨૮ ડાક્ટરો - ૮ મહિલા ડાક્ટરો, M.D. gynecologist, ઓર્થોપેડીક સર્જન, ફેમીલી ફીઝીશીયન, ઈમરજન્સી કીટ અને ૧૦૮ ઍમ્બ્યુલન્સની વ્યવસ્થા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ